# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-03-2024** **Morning : 7.10 to 7.20 am**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*************************************************************

- નિષ્પક્ષ ચૂંટણી યોજવા ગુજરાત સહિત છ રાજ્યોના ગૃહ સચિવોની ચૂંટણી પંચ દ્વારા બદલી કરાઈ
- આચારસંહિતા, ખર્ચ અને નીરિક્ષણ અંગે ચૂંટણીપંચે રાજકીય પક્ષોને એલર્ટ કર્યા.
- લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત ન્યાયિ અને નિર્ભય વાતાવરણમાં યોજાય તે માટે અમદાવાદમાં મીડિયા મોનિટરિંગ સેન્ટર દ્વારા ચૂંટણી લક્ષી બાબતો પર બાજ નજર.
- ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ ખાતે બેઠક યોજાઈ.
- અંગત કારણોસર કોંગ્રેસના અમદાવાદ પૂર્વના ઉમેદવાર રોહન ગુપ્તાએ ચૂંટણી લડવાની ના પાડી.
- ચૂંટણી વ્યવસ્થાપન અંગે અમદાવાદ પોલીસે વિવિધ જાહેરનામાં બહાર પાડ્યા.
- હવામાન વિભાગ દ્વારા માર્ચ મહિનાના અંત સુધીમાં ગરમીનો પારો 40 સુધી પહોંચે તેવી આગાહી કરાઈ.

**********************************************

## ECI- HOME SECYS

કેન્દ્રિય ચૂંટણીપંચે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત સહિત છ રાજયોના ગૃહસચિવો અને પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિદેશકની બદલી કરી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ગૃહસચિવોની બદલી કરાઇ છે. મિઝોરમ અને હિમાચલ પ્રદેશના સામાન્ય વહીવટ વિભાગના સચિવોની પણ બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત બૃહદમુંબઇ મહાનગરપાલિકાના કમિશ્નર ઇકબાલસિંહ ચહલ અને એડિશનલ કમિશ્નરની પણ બદલી કરવાનો નિર્દેશ અપાયો છે.

..................................................

## P. Bharati Bethak

આગામી લોકસભા ચૂંટણી અન્વયે અમદાવાદ ખાતે મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીની અધ્યક્ષતામાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ ગઈ. બેઠકમાં ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ ધ્યાનમાં રાખવાના વિવિધ વિષયો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં પ્રતિનિધિઓને આદર્શ આચારસંહિતાના અમલીકરણ, ખર્ચ નિરીક્ષણ, ઉમેદવારીપત્રો અને ચૂંટણી પ્રચાર સહિતની બાબતોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત ચૂંટણી પંચ દ્વારા પરવાનગીઓ

માટે તૈયાર કરવામાં આવેલી આઈ.ટી. એપ્લીકેશન અંગે પણ રાજકીય પક્ષના પ્રતિનિધિઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

બેઠકમાં પી.ભારતીએ તમામ પ્રતિનિધિઓને ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા દિશાનિર્દેશોનું પાલન કરીને શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે તંત્રને સહકાર આપવા અપીલ કરી હતી.

..............................................

## Election-2024 -01

ગુજરાતમાં લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની 05 બેઠકોની પેટાચૂંટણી યોજવા માટે ચૂંટણી તંત્ર સંપૂર્ણ સુસજ્જ છે. ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ ગઈકાલે ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું કે, આદર્શ આચારસંહિતાના ચુસ્ત પાલન માટે સમગ્ર રાજ્યમાં ચૂંટણી તંત્ર સજ્જ છે. રાજ્યનો કોઈપણ નાગરીક કોઈપણ સ્થળેથી આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ઓનલાઈન ફરીયાદ કરી શકે તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા સી-વીજીલ મોબાઈલ એપ તૈયાર કરવામાં આવી છે.

શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, મતદાતાઓ માટે મતદાન મથકે વિશેષ આયોજનો કરાયા છે. ચૂંટણી માટે કેટલા અધિકારીઓ અને કેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે તે વિષે વધુ જણાવતા તેમણે કહ્યું.....

(ઓડિયો – પી.ભારતી)

સામાન્ય ચૂંટણી સંદર્ભે વિવિધ ચૂંટણીલક્ષી કામગીરી માટે રાજ્ય અને કેન્દ્ર સરકારના અધિકારીઓ-કર્મચારીઓ આવરી લઈ અંદાજે 4 લાખ 50 હજાર કર્મચારીઓ ફરજ બજાવશે. જેમાં 55 હજાર 800 થી વધુ પ્રિસાઈડિંગ ઑફિસર્સ, 1 લાખ 67 હજારથી વધુ પોલીંગ ઑફિસર્સ, 6,300થી વધુ સેક્ટર ઑફિસર અને 5,200થી વધુ માઈક્રો ઑબ્ઝર્વર્સ સહિતના અધિકારીઓ-કર્મચારીઓનો સમાવેશ થાય છે.

વધુમાં રાજ્યમાં ચૂંટણીલક્ષી કામગીરી માટે 1 લાખ 20 હજાર જેટલું પોલીસ દળ ઉપલબ્ધ છે.

ચૂંટણી જાહેર થતાંની સાથે જ ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે તમામ જિલ્લાઓમાં 756 ફ્લાઈંગ સ્કૉડ, 206 એકાઉન્ટીંગ ટીમ, 251 વિડીયો વ્યૂઈંગ ટીમ, 480 વિડીયો સર્વેલન્સ ટીમ કાર્યરત કરવામાં આવી છે.

. . . . . . . . . . .

## Ahemdabad Collection

લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત, ન્યાયી અને નિર્ભય વાતાવરણમાં યોજાય તે માટે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને ક્લેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના નેતૃત્વમાં મીડિયા મોનીટરિંગ સેન્ટરની કામગીરી શરૂ થઈ છે.

ચૂંટણીમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયામાં આવતા ફેક ન્યૂઝ, પેઈડ ન્યૂઝ, આચારસંહિતા ભંગની બાબતો પર દેખરેખ રાખવા ક્લેક્ટર કચેરી ખાતે મીડિયા મોનિટરિંગ સેન્ટરની કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે. અને કમિટીના સભ્યોએ મુલાકાત લીધી હતી. આ માટે વિવિધ સ્ટાફને તાલીમ આપી ખાસ નિમણૂંક કરાઈ છે.

આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કર, નેહા ગુપ્તા, નાયબ માહિતી નિયામક હિંમાશું ઉપાધ્યાય સહિત અધિકારીઓએ નિર્ભય અને શાંતિમય ચૂંટણી માટે સ્થાનિક રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાની ન્યૂઝ ચેનલમાં અમદાવાદ જિલ્લાને લગતી ચૂંટણીલક્ષી બાબતો પર બાજ નજર રાખવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

. . . . . . . . . . .

## Election Control Room

ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી અને રાજ્યની પાંચ વિધાનસભાઓની પેટાચૂંટણીને ધ્યાને લઈને મળતી ફરિયાદોનું ઝડપથી અને અસરકારક નિયંત્રણ થાય તે હેતુથી સામાન્ય વહિવટ વિભાગ ચૂંટણી પ્રભાગ, સચિવાલય, ગાંધીનગર ખાતે એક નિયંત્રણ કક્ષ કાર્યરત કરવામાં આવ્યો છે.

જે ગત 16મી માર્ચથી આગામી છ જૂન 2024 સુધી જાહેર રજાઓ સાથે તમામ દિવસોમાં ચાલુ રહેશે. આ નિયંત્રણ કક્ષના ટેલિફોન નંબર 079-232-57791 પરથી પણ ચૂંટણી સંબંધિત ફરિયાદો અને રજૂઆતો સ્વીકારવામાં આવશે.

. . . . . . . . . . .

## GCCI Electric Vehicle

ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા અને વેપાર અને ઉદ્યોગની ક્રિયાને સરળ બનાવવાના આશયથી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ ખાતે એક બેઠક યોજાઈ હતી. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અને સિંગાપોર ઈકોનોમિક ડેવલપમેન્ટ બોર્ડના એક્ઝિક્યુટીવ

વાઈસ પ્રેસિડેન્ટ તેમજ EXCOના સભ્ય બેંગ કોંગ પીની આગેવાનીમાં એક પ્રતિનિધિમંડળ દ્વારા આ બેઠક યોજવામાં આવી હતી.

ગુજરાતના લોકોની સહજ ઉદ્યોગસાહસિકતા અંગે વાત કરતાં GCCIના સિનિયર ઉપપ્રમુખ સંદીપ એન્જિનિયરે નવીનકરણીય અને ટકાઉ ઊર્જા પ્રત્યે ગુજરાતના સક્રિય વલણ પર ભાર મૂક્યો હતો. બેંગ કોંગ પીએ સિંગાપોરની વ્યૂહાત્મક શક્તિઓ અને ખાસ ઈલેક્ટ્રિકલ વાહનો, બેટરી અને પેટ્રોકેમિકલ્સ પર જણાવ્યું હતું અને વ્યાપાર વૃદ્ધિ માટે સાનુકૂળ વાતાવરણ ઉભુ કરવા તરફના ગુજરાતના અભિગમની પ્રશંસા કરી હતી. ઈલેક્ટ્રિક વાહનોના બજાર માટે દ્વિપક્ષીય સહકાર માટેના માર્ગો શોધવા બેઠકમાં ફળદાયી ચર્ચા થઈ હતી.

. . . . . . . . . . .

## Rohan Gupta

લોકસભા ચૂંટણી 2024 માટે કોંગ્રેસ દ્વારા 12મી માર્ચે જાહેર કરાયેલ યાદીમાં ગુજરાતના સાત ઉમેદવારોના નામ જાહેર થયા હતા. અમદાવાદ પૂર્વ પરથી રોહન ગુપ્તાની પસંદગી થઈ હતી, પરંતુ તેમણે ગઈ મોડી રાત્રે પોતાના પિતા બિમાર હોવાથી અને તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હોવાથી અંગત કારણોસર ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાની અનિચ્છા જાહેર કરી હતી, અને ચૂંટણી લડવાની ના પાડી દીધી છે.

તેમણે નૈતિક રીતે જવાબદારી સ્વીકારવા સક્ષમ ન હોવાથી પાર્ટી દ્વારા જે બીજા ઉમેદવારને પસંદ કરાય તેને સહકાર આપવા તૈયારી બતાવી છે.

................................

## Election Hathiya bandhi

ચૂંટણી વ્યસ્થાપન અંગે અમદાવાદ પોલીસે ગઈ રાત્રે વિવિધ જાહેરનામા બહાર પાડ્યા છે. હથિયારબંધી, લાઉડ સ્પીકર વાહનોનો દુરૂપયોગ, રાજકીય પદાધિકારીઓની હાજરી પર પ્રતિબંધ, ચૂંટણી સાહિત્ય મુદ્દક અને પ્રકાશક તથા ખાનગી મિલકતોને ચૂંટણી પ્રચાર સાહિત્ય દ્વારા નુકસાન ના કરવા અંગેના જાહેરનામાનો સમાવેશ થાય છે.

..............................................

## WEATHER

રાજ્યના હવામાન વિભાગ દ્વારા પવનની દિશા ઉત્તર-પૂર્વ-ઉત્તર હોવાથી ગરમીમાં વધારો થવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે ગરમીની આગાહી કરતા જણાવ્યું કે, માર્ચ મહિનાના અંત સુધીમાં ગરમીનો પારો આસમાને પહોંચશે. મહત્તમ તાપમાન વધીને 40 ડિગ્રી સુધી પહોચી શકે છે. જેને પગલે લોકોએ કાળઝાળ ગરમીનો સામનો કરવા તૈયાર રહેવું પડશે. સૌરાષ્ટ્રમાં પણ આકરી ગરમી પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ગઇકાલે સૌથી વધુ નલિયામાં 38 ડિગ્રી તાપમાન નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં 36.1 ડિગ્રી અને  ગાંધીનગરમાં 36 ડિગ્રી તાપમાન નોધાયું છે.

..............................................

## RTO Technical

રાજ્યની પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરીઓ આર.ટી.ઓ. અને એ-આરટીઓ ખાતે આવેલા ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક તથા પરિવહન પોર્ટલની સારથી એપ્લીકેશન વચ્ચેના સંકલમાં ટેકનીકલ ખામી સર્જાઈ છે. જેના કારણે રાજ્યની તમામ કચેરીઓ ખાતે લાયસન્સ માટેની ડ્રાઈવિંગ ટેસ્ટની સેવાઓ પ્રભાવિત થઈ છે.

તમામ અરજદારોની ડ્રાઈવિંગ ટેસ્ટ માટેની એપોઈન્ટમેન્ટ અન્ય દિવસે ફરીથી યોજવામાં આવશે તેમ વાહનવ્યહાર કમિશન કચેરીની યાદીમાં જણાવ્યું છે.

. . . . . . . . . . .

## Dakor Trafic Padyatra

આગામી દિવસોમાં ડાકોર ખાતે ફાગણ સુદ પૂનમનો મેળો ભરાતો હોવાથી અને મોટી સંખ્યામાં પદયાત્રિકો હોળીના પર્વ માટે ડાકોરના ઠાકોરના દર્શનાર્થે જાય છે. અમદાવાદ શહેરના જુદાં જુદાં વિસ્તારોમાંથી જશોદાનગરથી હાથીજણ રીંગરોડ લાલગેબી સર્કલથી હાથીજણ – મહેમદાવાદ મુખ્ય નેશનલ હાઈવે પરથી ડાકોર પગપાળા દર્શને યાત્રિકો જતાં હોય છે, ત્યારે અમદાવાદ પોલીસ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ડાકોર પગપાળા જતાં લોકોને વાહનોની અવરજવરના કારણે અકસ્માત કે જાનહાનિ થવાની દુર્ઘટના ના ઘટે તેથી જશોદાનગર ચાર રસ્તાથી વિંઝોલ ચાર લાલબેગી સર્કલ સુધી જતો એક તરફી માર્ગ તમામ પ્રકારના વાહનો વ્યવહાર માટે સંપૂર્ણ બંધ રહેશે. વૈકલ્પિક માર્ગ ખુલ્લો રહેશે.

.................................................

# RTI in Patan district

પાટણ જિલ્લામાં RTI એક્ટ એટલે કે શિક્ષણ મેળવવાના હક અન્વયે શૈક્ષણિક વર્ષ 2024 -25 માં નબળા અને વંચિત જૂથના બાળકોને ખાનગી શાળાઓમાં ધોરણ ૧ માં વિનામૂલ્યે પ્રવેશ આપવાની કાર્યવાહી અંતર્ગત પાટણ જિલ્લાની 135 જેટલી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં રાઇટ ટુ એડ્યુકેશન હેઠળ બાળકોને પ્રવેશ મળશે.

આમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, પ્રવેશ કામગીરી અંતર્ગત અત્યાર સુધીમાં જિલ્લામાં 879 અરજીઓ આવી છે. આગામી 6 એપ્રિલના રોજ પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ જાહેર કરાશે.

પ્રવેશ પ્રક્રિયાના કાર્યક્રમ મુજબ તારીખ 14 માર્ચ થી 26 માર્ચ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. જ્યારે 28 એપ્રિલ સુધી જિલ્લા કક્ષાએ ઓનલાઈન ફોર્મની ચકાસણી કરી તેને મંજૂર કે રદ કરવાની કામગીરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન 2009ની જોગવાઈ હેઠળ બીન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા જગ્યા મુજબ વિનામૂલ્ય ધોરણ એક નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે.

જેમાં 1 જુનના રોજ છ વર્ષ પૂર્ણ કરેલ હોય અને નિયત કરેલ અગ્રતાક્રમ ધરાવતા હોય તેવા બાળકો પ્રવેશપાત્ર બને છે.

.......................................